# GREENLAWNS HIGH SCHOOL.

2 HRS

**Subject: Gujarati II Language** **Std: VI A/B/C** **Final Examination** **Marks: 80**

વિભાગ અ

પ્રશ્ન 1. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (8)

1. રજા ની મજા
2. મા
3. ઉનાળો
4. તમારી પ્રિય રમત

પ્રશ્ન 2. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર પત્ર લખો. (7)

1. તમે શાળા માંથી પર્યટન પર ગયા હતા તેનું વર્ણન કરતો પત્ર તમારા દાદા ને લખો.
2. શાળા માં યોજાયેલ ચિત્રકળા અને હસ્તકળા પ્રદર્શની (art and craft exhibition) નું વર્ણન કરતો પત્ર તમારા મિત્ર કે સખી ને લખો.

પ્રશ્ન 3. નીચે આપેલો ગદ્યખંડ વાંચી પ્રશ્નો ના ઉત્તર લખો. (10)

એક નાનકડા ગામમાં આરવ નામનો જિજ્ઞાસુ છોકરો રહેતો હતો. તેને નવી નવી બાબતો જાણવાની ખૂબ ઉત્સુકતા હતી. એક દિવસ શાળાની રજા દરમિયાન તે પોતાના દાદાજી સાથે ગામની બહાર આવેલા જૂના વટવૃક્ષ પાસે ગયો. દાદાજીએ તેને કહ્યું કે આ વૃક્ષ બહુ વર્ષ જૂનું છે અને તેણે ગામના ઘણા રહસ્યો જોયા છે. આરવને આ વાત સાંભળીને ખૂબ જ ઉત્સાહ આવ્યો અને તેણે નક્કી કર્યું કે તે આ વૃક્ષ વિશે વધુ જાણશે.

બીજા દિવસે આરવ ફરી એકલો વટવૃક્ષ પાસે ગયો. ત્યાં તેને જમીન પર એક જૂનું લાકડાનું બોક્સ મળ્યું. બોક્સ ખોલતાં અંદરથી એક નકશો અને થોડા પીળા પડી ગયેલા કાગળો મળ્યા. કાગળોમાં ગામના લોકો માટે લખાયેલ સંદેશો હતો, જેમાં એક સમયના દુષ્કાળની વાત અને ગામને બચાવવા માટે લોકોએ કેવી રીતે એકબીજાની મદદ કરી હતી તે લખેલું હતું. આરવને સમજાયું કે આ બોક્સ ગામના ઈતિહાસનો મહત્વનો ભાગ છે.

આરવ તરત જ તે બોક્સ લઈને દાદાજી અને ગામના વડીલો પાસે ગયો. બધા લોકોએ મળીને તે સંદેશો વાંચ્યો અને ગામના ભૂતકાળ વિશે જાણીને ગર્વ અનુભવ્યો. વટવૃક્ષ પાસે તે બોક્સને સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવ્યું, જેથી આવનારી પેઢીઓ પણ તેમાંથી પ્રેરણા લઈ શકે. આરવે શીખ્યું કે ઇતિહાસ માત્ર પુસ્તકોમાં નથી હોતો, પરંતુ આપણા આસપાસ પણ જીવંત રીતે રહેલો હોય છે.

પ્રશ્નો

1. આરવ કયો સ્વભાવ ધરાવતો હતો? 1
2. દાદાજીએ આરવને વટવૃક્ષ વિશે શું કહ્યું? 2
3. આરવને વટવૃક્ષ પાસે શું મળ્યું? 1
4. કાગળોમાં શું સંદેશો લખેલો હતો? 2
5. આ ઘટના પરથી આરવે શું શીખ્યું? 2
6. ઉપર આપેલી ગદ્ય સમજણને યોગ્ય શીર્ષક આપો. 2

પ્રશ્ન 4. સૂચના પ્રમાણે કરો.

1. નીચે આપેલા રૂઢિપ્રયોગ ના અર્થ લખો. (3)
   a. જીદે ચડવું
   b. આંગળી આપવી
   c. ઘસીને ના પાડવી

2. નીચે આપેલા શબ્દ ના બે અર્થ (દ્વિઅર્થી) લખો. (3)
   a. કાળ
   b. કળ
   c. કર

3. નીચે આપેલા શબ્દ સમૂહ ને બદલે એક શબ્દ લખો. (3)
   a. લાકડા નું કામ કરનાર
   b. ઘર ચણનાર
   c. વાળ કાપનાર

4. નીચે આપેલા વાક્યો કયા કાળ ના છે તે લખો. (3)
   a. મયંક રજા માં સાઈકલ ચલાવશે.
   b. પૂજારી મંદિર માં પૂજા કરે છે.
   c. ગોવાળ એ દૂધ વેંચી પૈસા કમાવ્યા હતા.

5. નીચે આપેલા શબ્દો ની જાતિ બદલી લખો. (3)
   a. દિયર
   b. પૂજારી
   c. પુરુષ

## વિભાગ બ

પ્રશ્ન 5. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો. (4)
   a. વિના
   b. તંદુરસ્ત
   c. પવન
   d. અત્યાચારી

પ્રશ્ન 6. નીચે આપેલા વિરોધી લખો. (4)
   a. કઠણ
   b. તાજી
   c. ઊગે
   d. અસ્થિર

પ્રશ્ન 7. નીચે આપેલા શબ્દો પરથી વાક્ય બનાવો. (4)

a. પાંપણ
b. સારાપણું
c. મુંબઈ
d. પીગળી

પ્રશ્ન 8. નીચે આપેલા શબ્દો ની ભૂલ સુધારી ફરી લખો. (4)

a. શિમેન્ટ
b. નીરભય
c. કુટુમ્ભ
d. ધાટો

પ્રશ્ન 9. નીચે આપેલા વાક્યો કોણ બોલે છે કોને કહે છે. (3)

a. "મારે એ હેટ ને શા માટે સલામ ભરવી જોઈએ."
b. "અટલી સરસ પાતળ ક્યારે બનાવવા લાગ્યો?"
c. " તો તો હું મરવાનું પસંદ કરીશ."

પ્રશ્ન 10. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર એક શબ્દ માં લખો. (4)

a. 'ચલ મન મુંબઈ નગરી' ના કવિ નું નામ લખો.
b. ઉતરાણ ને દિવસે બા એ શું બનાવ્યું?
c. ગેસલર ક્યાં નો સૂબો હતો?
d. દાદીમા એ કેટલી પાતળ બનાવવા નો હુકમ કર્યો?

પ્રશ્ન 11. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર એક - બે વાક્ય માં ઉત્તર લખો. (4)

a. પતંગ ચગાવવા બાળકો ક્યાં ગયા? તે શેના થી રંગાઈ ગયી?
b. ટેલ એ કમરપટા માં કેટલા તીર રાખ્યા શા માટે?
c. પિતા ખેતર એ થી ઘરે આવતા શું લય આવતા? કયા કયા ઝાડ ના પાન માંથી પાતળ બને છે?
d. ટેલ એ વૉલ્ટર સામે શી શરત રાખી?

પ્રશ્ન 12. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર પૂરા વાક્ય માં લખો. (6)

a. 'પાતળ' પાઠ દ્વારા શું બોધ મળે છે?
b. પિતા ને વૉલ્ટર શી રીતે હિંમત આપે છે?

પ્રશ્ન 13. નીચે આપેલી કવિતા પૂર્ણ કરો. (7)

a. "વાયો આકાશી વાયરો કેવો ફર ફર ફર !........

.........................................................

બોલે ચિનાઈ કાગળ કેવો ચર ચર ચર"